# હેપ્પી રક્ષાબંધન : આજે ભાઈ-બહેનનો પવિત્ર તહેવાર

## આ વર્ષે સવારે ૭.૫૪ થી શરૂ થઈ મોડી રાત સુધી રક્ષાબંધન પર્વ મનાવી શકાશે

ગાંધીનગર, તા. ૧૦

રક્ષાબંધન એટલે ભાઈ-બહેનનો તહેવાર જેનું બીજુ નામ 'બળેવ' છે. રક્ષાબંધન શ્રાવણ મહિનાની પૂનમે છે. આ વર્ષે તારીખ ૧૧, ૧૨ ઓગષ્ટે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવશે.

બહેનો પોતાના ભાઈઓને તિલક કરે છે રાખડી બાંધે છે. મીઠાઈ ખવડાવે છે. ભાઈ બહેનને ભેટ આપે છે. રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જનોઈ બદલે છે. માછીમારો આ દિવસે નાળિયેર વડે દરિયાની પૂજા કરે છે. તેથી તેને નારિયેળી પૂનમ પણ કહેવાય છે. રક્ષાબંધનનો તહેવાર બધા ધર્મના લોકો ઉજવે છે. આ જ તો એક વિશેષ દિવસ છે જે ભાઈ-બહેનો માટે બનેલો છે.

### રક્ષાબંધનનો અર્થ શું છે ?

મનુષ્ય જન્મે ત્યારથી તેને કોઈને કોઈ પ્રકારનો ભય તો રહેતો જ હોય છે અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભુ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. આ રક્ષણ એટલે અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવનાનું રક્ષણ, અદ્દશ્ય પરમાત્મા અને દેવ-દેવીઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ અભિમન્યુને કુંતીએ રણ મોરચે જતાં પહેલા રાખડી બાંધી હતી. એવું રક્ષણ પ્રિયજનને આપવા માતાઓ, પત્નીઓ, ભગિનીઓએ રાખડી બાંધ્યાના પ્રસંગો પુરાણોમાં અનેક ઉપલબ્ધ છે. હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઈચ્છે છે.

### ભાઈ ન હોય તો આરાધ્ય દેવને રાખડી બાંધવી

જે મહિલાઓનો કોઈ ભાઈ ન હોય તેઓ હનુમાન, શ્રીકૃષ્ણ, શિવજી અથવા પોતાના આરાધ્ય દેવને રક્ષાસૂત્ર બાંધી શકે છે. પુરૂષો પણ ભગવાનને રક્ષાસૂત્ર બાંધી શકે છે.

### રાખડી બાંધતી વખતે આ મંત્ર બોલવો

યેન બધ્ધો બલી રાજા દાનવેંદ્રો મહાબલઃ।
તેન ત્યાં અભિબધ્નાનિ રક્ષે મા બલ મા ચલ॥

આ મંત્રનો અર્થ : પ્રાચીન સમયમાં એક દોરા જેવા રક્ષાસૂત્રએ અસુરરાજ બલિને બાંધી દીધો હતો તે જ પ્રકારનો દોરો હું તમને બાંધુ છુ. ભગવાન તમારી રક્ષા કરે. આ દોરો ક્યારેય તૂટે નહી અને તમે હંમેશા સુરક્ષિત રહો. દેવી લક્ષ્મીએ રાજા બલિને રક્ષાસૂત્ર બાંધીને ભગવાન વિષ્ણુને મુક્ત કરાવ્યા હતા.

### ચોઘડીયા મુજબ રાખડી બાંધવાના શુભ મુહૂર્ત

આ વર્ષે સવારે ૭.૫૪ થી શરૂ થઈ મોડી રાત્રી સુધી
રક્ષાબંધન પર્વ મનાવી શકાશે
ચલ - ૭.૫૪ થી ૯.૩૧
લાભ - ૯.૩૧ થી ૧૧.૦૭
અમૃત - ૧૧.૦૭ થી ૧૨.૪૪
શુભ - ૧૪.૩૧ થી ૧૫.૫૮ બપોરે
શુભ - ૧૯.૧૧ થી ૨૦.૩૪ સાંજે
અમૃત - ૨૦.૩૪ થી ૨૧.૫૮ રાત્રે
ચલ - ૨૧.૫૮ થી ૨૩.૨૧ રાત્રે
અભિજિત મુહૂર્ત - ૧૨.૩૯
વિજય મુહૂર્ત

# ઉવારસદની શાળામાં ભારતી ફાઉન્ડેશનનું વૃક્ષારોપણ



ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરને ફરી હરિયાળું બનાવવા જાણે શહેરના નાગરિકો અને પર્યાવરણ પ્રેમી સ્વૈચ્છિક સંસ્થાઓએ જવાબદારી ઉપાડી લીધી છે. ગાંધીનગર સ્થિત ભારતી ફાઉન્ડેશનના ગ્રીન સીટી પ્રોજેક્ટ અંતર્ગત વોલેન્ટિયર્સ ટીમ દ્વારા તાજેતરમાં ઉવારસદની સરકારી કુમારશાળામાં વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો સાથે મળીને અંદાજે ૬૦થી વધુ અલગ અલગ રોપાઓ વાવીને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણમાં શાળાના વિદ્યાર્થીઓને વૃક્ષોના ઉછેરની જવાબદારી સોંપવમાં આવી છે જેથી તેમને પ્રકૃતિની જાળવણી પ્રત્યેની સમજણ અને સભાનતામાં વધારો થાય.

# શહેરમાં સ્મશાનમાં રીડીંગ લાયબ્રેરી કાર્યરત

## આ રીડિંગ લાયબ્રેરીનો લાભ લઈને હાલમાં ક્લાસ-૧, ૨ જેવા મહત્વના હોદ્દા પરથી વિદ્યાર્થીઓ સરકારમાં સેવા આપી રહ્યા છે : ગાંધીનગર મનપા સંચાલિત રીડિંગ લાયબ્રેરીમાં નિઃશુલ્કપણે વિદ્યાર્થીઓ વાંચનનો લાભ મેળવી રહ્યા છે







ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના મુક્તિધામ એટલે કે સ્મશાનમાં રીડિંગ લાઈબ્રેરી શરૂ કરવામાં આવેલી છે. આ ક્લાસિસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ પીજી, હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ વાંચન માટે રીડિંગ લાઈબ્રેરીનો ઉપયોગ કરે છે. ગાંધીનગરમાં ગુજરાતના દરેક શહેરના વિદ્યાર્થીઓ સરકારી નોકરીની તૈયારી કરવા આવતા હોય છે. ગાંધીનગરમાં ક્લાસ વર્ગ-૧, ૨, ૩, જીપીએસસી, યુપીએસસી તેમજ અન્ય ક્ષેત્રના અનેક પ્રાઈવેટ ક્લાસીસ ચાલે છે. આ ક્લાસીસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ પીજી, હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ વાંચન માટે રીડિંગ લાઈબ્રેરીનો ઉપયોગ કરતા હોય છે. ગાંધીનગમાં પ્રાઈવેટ ક્લાસીસની સાથે અનેક પ્રાઈવેટ લાઈબ્રેરી પણ ચાલે છે. જેની ફી પ્રતિ માસ રૂપિયા ૧૨૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનો હોય છે. ત્યારે ગાંધીનગર મુક્તિધામમાં ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત નિઃશુલ્કપણે રીડિંગ લાઈબ્રેરી કાર્યરત છે. આ લાઈબ્રેરીમાં વાંચીને અનેક વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે અને વર્ગ-૧, ૨ જેવા મહત્વના હોદ્દા પરથી સરકારમાં સેવા પણ આપી રહ્યા છે.

### પ્રાઈવેટ લાયબ્રેરી જેવી સુવિધા છે

આ લાયબ્રેરીમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થી બેસીને રીડિંગ કરી શકે તેવી તમામ પ્રકારની સુવિધા છે. વિદ્યાર્થીઓને નિઃશુલ્ક હળવો નાસ્તો પણ આપવામાં આવે છે. આ લાયબ્રેરીમાં ૧૦ જેટલા શૌચાલય, ત્રણ આર.ઓ. વોટર કુલરની સુવિધા છે. સ્મશાનના આંગણામાં અનેક પ્રકારના વૃક્ષો, છોડવાઓ, બાગ-બગીચા છે. જેના કારણે ચોખ્ખી હવા અને ઠંડુ વાતાવરણ રહે છે. આ પ્રાંગણમાં અનેક સંતોની પ્રતિમાઓ અને મહાદેવજીનું મંદિર છે તેમજ આ બગીચામાં અનેક પ્રકારના પક્ષીઓ પણ રહે છે. લાઈબ્રેરીમાં વિદ્યાર્થીઓને શાંત પ્રકૃતિનું વાતાવરણની સાથે ધાર્મિક વાતાવરણ પણ મળી રહે છે.

# આજે કેબીસીમાં ગાંધીનગરના ચાર પ્રેક્ષકો જોવા મળશે

## ગાંધીનગરના જાણીતા અમિતાભ ફેન દિલીપસિંહ બિહોલા સહિત શંકરસિંહ ગોહિલ, નરેશ ઝીંઝુવાડિયા અને પ્રદીપસિંહ બિહોલા દર્શકો તરીકે સામેલ

ગાંધીનગર, તા.૧૦

ફરી એકવાર ટેલિવિઝનના સ્ક્રિન પર હિન્દી ફિલ્મોના મહાનાયક અમિતાભ બચ્ચન સંચાલિત કૌન બનેગા કરોડપતિની નવી ૧૪મી સિરિઝનું પ્રસારણ શરૂ થઈ ગયું છે. આ વખતે નવા ૭૫ લાખના પડાવ સાથે આકર્ષણ જમાવી રહેલાં આ શોના રક્ષાબંધનના દિવસે પ્રસારિત થનારા એપિસોડમાં ગાંધીનગરના જાણીતા અમિતાભ ફેન વકીલ દિલીપસિંહ બિહોલા અને ગાંધીનગરના અન્ય એક વકીલ તેમજ

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બર શંકરસિંહ ગોહિલ, ડેપ્યુટી સેક્રેટરી નરેશભાઈ કે. ઝીંઝુવાડિયા અને સે.૫ના પ્રેરણા વિદ્યાલયના સંચાલક પ્રદીપસિંહ બિહોલા પ્રેક્ષક તરીકે બેઠેલાં દર્શકોને જોવા મળશે.

સમગ્ર વિશ્વમાં ફિલ્મ નિર્માણ ક્ષેત્રે ભારતીય ફિલ્મ ઉદ્યોગ સૌથી મોટો છે અને હિન્દી ફિલ્મ જગતના મિલેનિયમ સુપરસ્ટાર મહાન અભિનેતા અમિતાભ બચ્ચન દુનિયાભરમાં સૌથી લોકપ્રિય નાયક છે. અમિતાભ બચ્ચન ટેલિવિઝન ક્ષેત્રે પણ એટલાં જ લોકપ્રિય છે જેમાં તેમના રિયાલિટી શો "કૌન બનેગા કરોડપતિ" અબલવૃદ્ધ સૌ કોઈમાં ભારે લોકપ્રિયતા ધરાવે છે. આ એવો શો છે જેણે મનોરંજન સાથે જ્ઞાન પણ પીરસ્યું છે તેમજ અનેક સ્પર્ધકો અને દર્શકોના જીવનમાં પરિવર્તન પણ આણ્યું છે. આવા અતિ લોકપ્રિય કાર્યક્રમમાં ગાંધીનગરના અમિતાભ બચ્ચનના ખૂબ મોટા પ્રસંશક અને વ્યવસાયે વકીલ એવાં દિલીપસિંહ બિહોલા બીજીવાર પ્રેક્ષક તરીકે સામેલ થયાં હતાં. આ વખતે તેમની સાથે ગાંધીનગરના અન્ય એક વકીલ તેમજ

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બર શંકરસિંહ ગોહિલ, ડેપ્યુટી સેક્રેટરી નરેશભાઈ કે. ઝીંઝુવાડિયા અને સે.૫ના પ્રેરણા વિદ્યાલયના સંચાલક પ્રદીપસિંહ બિહોલા પણ જોડાયાં હતાં.



આ એપિસોડનું શુટિંગ મુંબઈના ગોરેગાંવમાં ફિલ્મસિટીમાં સ્ટુડિઓ નં.૧૬ ખાતે ઉભા કરાયેલાં કેબીસીના સેટ પર તા. ૨૨મી જુલાઈના રોજ થયું હતું. ગાંધીનગરના આ ચારેય દર્શકો સાથેના કૌન બનેગા કરોડપતિના આ એપિસોડનું પ્રસારણ રક્ષાબંધનના પવિત્ર દિવસે તા. ૧૧મી ઓગસ્ટ, ગુરુવારના રોજ સોની ટીવી પરથી થશે જેમાં આ ચારેય મિત્રો ઓડિયન્સમાં જોવા મળશે. શુટિંગ બાદ મહાનાયક અમિતાભ બચ્ચન સાથે મુલાકાત તેમની મુલાકાત થઈ હતી જેમાં દિલીપસિંહને તેમણે ઓટોગ્રાફ પણ આપ્યો હતો.

# ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ આકાશને આંબે છે

## વાયબ્રન્ટ સમિટના આયોજન થકી ગુજરાતમાં મૂડીરોકાણ અનેક ગણું વધ્યું

આપણે ગુજરાતી લોકો મૂળભૂત રૂપે વેપારી પ્રજા કહેવાઈએ છીએ. વેપાર વણોજ એ આપણા લોહીમાં રહેલા છે. આપણો ઈતિહાસ જોઈએ તો ખ્યાલ આવશે કે ગુજરાતના બંદરો પ્રાચીન ભારતના ધમધમતા વેપારી કેન્દ્રો હતાં. લોથલના ઈતિહાસથી આપણે સહુ જાણકાર છીએ કે લોથલ ભારતનું એક મહત્વનું વેપારી કેન્દ્ર હતું. એ જ રીતે ધોલેરા બંદરેથી પણ ઘણો વેપાર થતો હતો. ગુજરાતના મહાજનોએ અમદાવાદને દેશના માન્ચેસ્ટર તરીકેની ઓળખ અપાવી હતી. સમયાંતરે ગુજરાતમાં મોટા ઉદ્યોગ વેપાર શરૂ થયાં પરંતુ વડોદરાથી વાપી સુધીમાં જ આ ઔદ્યોગીક વિકાસ સિમિત રહ્યો. ગુજરાતના અન્ય ભાગોમાં વેપાર ઉદ્યોગનો જોઈએ તેટલો વિકાસ થયો ન હતો.

આદણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના સામર્થ્યના જાણકાર હતાં. તેમને વિશ્વાસ હતો કે ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ઉદ્યોગો માટે મોટો અવકાશ છે. તેમણે વાયબ્રંટ સમિટના આયોજનથી ગુજરાતની ક્ષમતા વિશ્વ સમક્ષ મૂકી. ઉદ્યોગોના પ્રશ્નોના નિવારણ માટે રાજ્યમાં સિંગલ વિન્ડો પ્રણાલી અમલી બનાવી ગુજરાતને પોલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. આજે ગુજરાતમાં ઔદ્યોગીક નીતિ ૨૦૨૦ અમલી બની છે.

ગુજરાતમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ચીંધ્યા માર્ગ પર ચાલીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ રાજ્યમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રહ્યાં છે. ગુજરાત આજે દેશમાં મોસ્ટ પ્રીફર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન છે. દેશમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં આવેલા મૂડી રોકાણનો પાંચમો ભાગ ગુજરાતમાં આવ્યો છે, તાજેતરમાં જાહેર થયેલા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રેકીંગમાં ગુજરાતને ટોપ અચીવર સ્ટેટમાં સ્થાન મળ્યું છે. ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ ટ્રેડ દ્વારા સૂચવાયેલા ૩૦૧ રિફોર્મ્સનું ૧૦૦ ટકા પાલન કરનારા બે રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે. IEM (ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રેન્યોર મેમોરેન્ડમ) ૨૦૨૧ પ્રમાણે ડોમેસ્ટીક ઈન્વેસ્ટમેન્ટમાં ગુજરાતે ૧.૦૫ લાખ કરોડનું મૂડી રોકાણ મેળવીને દેશમાં અગ્રીમ સ્થાન મેળવ્યું છે. ગુજરાતને એન્વાયરમેન્ટ પરફોર્મન્સ ઈન્ડેક્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ પ્રથમ ક્રમ મેળવ્યો છે. LEADS (Logistics Ease across Different States) ઈન્ડેક્ષમાં વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૧ એમ ત્રણ વર્ષ સુધી ગુજરાત સતત અગ્રીમ ક્રમે રહ્યું છે.

### MSMEને પ્રોત્સાહન માટે ગુજરાતે પહેલા પ્રોડક્શન અને પછી પરમિશનની નીતી અપનાવી



ગુજરાત દેશનો ૬ ટકા ભૌગોલિક હિસ્સો ધરાવે છે, પરંતુ દેશના જીડીપીમાં ગુજરાતનું યોગદાન ૮ ટકા અને ઔદ્યોગીક આઉટપુટમાં ૧૮ ટકા યોગદાન છે. દેશના મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રની એવરેજ ૧૮ ટકા છે. જેની સામે ગુજરાતનો જીડીપીમાં ૩૮ ટકા જેટલો હિસ્સો મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રનો છે. સાથે જ ગ્લોબલ ફોર્ચ્યુન ફાઈવ હન્ડ્રેડ કંપનીઓમાંથી ૧૦૦ જેટલી કંપનીઓએ ગુજરાતમાં પોતાનો વ્યવસાય અને કારોબાર શરૂ કર્યાં છે.

MSME (મીનીસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટર્પ્રાઈઝ)એ અર્થતંત્રની કરોડરજ્જૂ ગણાય છે. MSMEનો રાજ્યમાં રોજગારી સર્જનની દિશામાં ખૂબ મહત્વનો ફાળો રહેલો છે. જ્યારે રાજ્યમાં ૩૫ લાખ કરતા વધુ સ્જીસ્ઈ કાર્યરત છે, જે કોસ્ટ ઈફેક્ટીવ પ્રોડક્શન દ્વારા આંતરરાષ્ટ્રીય બજારમાં હરીફાઈ આપી રહ્યા છેં. રાજ્ય સરકારે વેપાર-વ્યવસાય કરનારાઓને નિયમોનું ઓછામાં ઓછુ ભારણ રહે તેવો અભિગમ અપનાવ્યો છે, ગુજરાત સરકારે રાજ્યની સ્જીસ્ઈને પ્રોત્સાહન આપવા માટે ''પહેલા પ્રોડક્શન અને પછી પરમિશનની નીતિ'' અપનાવી છે. આ નીતિ અન્વયે સ્જીસ્ઈ ત્રણ વર્ષ સુધી રાજ્ય સરકારની જરૂરી પરવાનગી લેવામાંથી મુક્તિ આપવામાં આવી છે. જીઆઈડીસી વિસ્તારમાં સૂક્ષ્મ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ૫૦ અને ૧૦૦ ચો.મી.ના મલ્ટીલેવલ શેડ બનાવી ''પ્લગ એન્ડ પ્લે'' દ્વારા ઉદ્યોગોને સાનુકૂળ વાતાવરણ આપ્યું છે.

ઔદ્યોગિક વિકાસની નેમ સાથે સ્થપાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ અત્યારે અંદાજે ૨૨૪ જેટલી વસાહતોના હજારો એકમોમા લાખો લોકોને રોજગારી પૂરી પડી રહી છે. આધુનિક સુવિધાઓ જેવી કે, અદ્યતન રસ્તાઓ, સતત વીજપુરવઠો, ઉત્તમ ડ્રેનેજ સુવિધા, બીજનેશ સપોર્ટ સર્વીસીઝ માટે અલાયદા પ્લોટો વગેરે વિવિધ જીઆઈડીસીને આગવી ઓળખ આપી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઉદ્યોગોને અપાતા પ્લોટની ફાળવણી નિગમે ઓનલાઈન ડ્રો ના માધ્યમથી પ્લોટોની ફાળવણી કરી પારદર્શક વહીવટનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### ગ્લોબલ ફોર્ચ્યુન ફાઈવ હન્ડ્રેડ કંપનીઓમાંથી ૧૦૦ જેટલી કંપનીઓનો ગુજરાતમાં વ્યવસાય



### ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કીંગ ટોપ અચીવર બનતું ગુજરાત



ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોને અનુરૂપ વિશ્વ કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમગ્ર દેશમાં ગુજરાતમાં ઉત્તમ છે, જે ગુજરાતમાં ઉદ્યોગો માટે એક મોટું આકર્ષણ છે. રાજ્યમાં અંદાજિત ૭,૭૪૪ કિલોમીટરના નેશનલ હાઈવે અને ૧૭,૨૦૧ કિલોમીટરના સ્ટેટ હાઈવેનું રોડ નેટવર્ક છે, જે સમગ્ર રાજ્ય અને દેશના અન્ય ભાગોમાં ''સીમલેસ કનેક્ટિવિટી'' પ્રદાન કરે છે, રાજ્યમાં અંદાજીત ૮,૦૦૦ કિલોમીટરનું રેલ નેટવર્ક છે, રાજ્યમાં નિકાસને પ્રોત્સાહન આપવા માટે રાજ્યમાં **10 ICDs** (ઈન લેન્ડ કન્ટેનર ડેપો) અને ૧૦ એરફ્રેટ ટર્મિનલનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે, ૪૮ બંદરો અને ૧૬૦૦ કીમીથી પણ વધુ લાંબો દરિયાકિનારો નિકાસ-લક્ષી એકમો માટે ઉત્તમ લોજિસ્ટિક લાભ પૂરો પાડે છે. સાથે જ ગુજરાતમાં ઉદ્યોગો માટે જરૂરી ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે છે. ગુજરાત એ પાવર સરપ્લસ ધરાવતું રાજ્ય છે. ગુજરાત અંદાજે ૪૦,૦૦૦ મેગાવોટથી વધુની કુલ સ્થાપિત ક્ષમતા ધરાવે છે, જે ઉદ્યોગોને ૨૪ ટ ૭ વીજ પુરવઠો પૂરો પાડે છે. રાજ્યના કુલ વીજ પુરવઠાનો ૪૦% ફાળો રિન્યુએબલ (પુનઃપ્રાપ્ય) સ્રોતોમાંથી આવે છે અને તે સ્વચ્છ અને હરિત ઔદ્યોગિકીકરણ પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને પાંચ ટ્રીલિયન ડોલરના અર્થતંત્ર બનાવવા માટે આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડીયા-મેક ફોર વર્લ્ડના મંત્રો આપ્યા છે. આ સંકલ્પનાને સાકાર કરવા માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ આત્મનિર્ભર ગુજરાત દ્વારા આત્મનિર્ભર ભારતના નિર્માણના લક્ષ્યને લઈ રાજ્યના ઔદ્યોગિક વિકાસને એક નવી ઉંચાઈ તરફ લઈ જઈ રહ્યાં છે.